## બ્લોસમ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ

રજિસ્ટર્ડ ઓફિસ : ગામ જાની વાંકડ, નાની દમણ, દમણ – ૩૯૬ ૨૧૦ (યુ.ટી.)
સીઆઈએન : U31200DD1989PLC003122
ઈ-મેલ : blossom@bildaman.com; વેબસાઇટ : www.khemanigroup.com
ફોન : (૦૨૬૦) ૬૬૮૭૮૦૦ / ૮૧૪૧૩૫૫૫૮૮

### ૩૨મી વાર્ષિક સામાન્ય સભા, રિમોટ ઈ-વોટિંગ માહિતી અને બુક કલોઝર નોટિસ

આથી આ **નોટિસ** આપવામાં આવે છે કે, **બ્લોસમ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ**ના સભ્યોની ૩૨મી વાર્ષિક સામાન્ય સભા (એજીએમ) શનિવાર, ૧૧ સપ્ટેમ્બર ૨૦૨૧ના રોજ સવારના ૧૧.૦૦ કલાકે માત્ર વીડિયો કોન્ફરન્સિંગ ('વીસી') સુવિધા/અન્ય દ્રશ્ય શ્રાવ્ય માધ્યમ ('ઓએવીએમ') દ્વારા ૩૨મી એજીએમની નોટિસમાં સ્થાપિત કામકાજ ચલાવવા યોજવામાં આવશે. કંપનીએ ૩૨મી એજીએમની નોટિસ ૧૯મી ઓગસ્ટ, ૨૦૨૧ના રોજ જેમના ઈ-મેલ સરનામા કંપની અથવા રજિસ્ટ્રાર અને ટ્રાન્સફર એજન્ટ અથવા ડિપોઝિટરીઝ પાસે ૧૩ ઓગસ્ટ, ૨૦૨૧ના રોજ સુધી રજિસ્ટર થયેલ છે તે સભ્યોને જ ઇલેક્ટ્રોનિક મોડથી મોકલી દીધેલ છે.

**બુક કલોઝરઃ** કંપની ધારા, ૨૦૧૩ ની કલમ ૯૧ તથા તેની હેઠળ ઘડાયેલ નિયમો અન્વયે, સભ્યોનું રજિસ્ટર તથા કંપનીની શેર ટ્રાન્સફર બુક રવિવાર, ૫મી સપ્ટેમ્બર, ૨૦૨૧થી શનિવાર, ૧૧મી સપ્ટેમ્બર, ૨૦૨૧ સુધી, બંને દિવસો સહિત બંધ રહેશે.

**ઈ-વોટિંગઃ** કંપની ધારા, ૨૦૧૩ની કલમ ૧૦૮ની જોગવાઈઓ સહિત વંચાણે લેતા કંપનીઝ (સંચાલન અને વહીવટ) નિયમો, ૨૦૧૪ના નિયમ ૨૦, તથા સમયાંતરે કરાયેલ સુધારા અન્વયે, કંપની તેના સભ્યોને ૩૨મી એજીએમમાં ચાલનાર કામકાજ સંબંધે એજીએમ પહેલા તથા તે દરમિયાન રિમોટ ઈ-વોટિંગની સુવિધા પૂરી પાડી રહી છે અને આ હેતુથી, કંપનીએ ઇલેક્ટ્રોનિક માધ્યમથી વોટિંગની સુવિધા પૂરી પાડવા નેશનલ સિક્યુરિટીઝ ડિપોઝિટરી લિમિટેડ (એનએસડીએલ)ને નિયુક્ત કરેલ છે.

જે સભ્યોના નામ સભ્યોના રજિસ્ટર / સેન્ટ્રલ ડિપોઝિટરી સર્વિસિસ (ઇન્ડિયા) લિમિટેડ (સીડીએસએલ) દ્વારા જળવાયેલ લાભાર્થી માલિકોની સૂચિ અને / અથવા નેશનલ સિક્યુરિટીઝ ડિપોઝિટરી લિમિટેડ (એનએસડીએલ)માં શનિવાર, ૪થી સપ્ટેમ્બર, ૨૦૨૧, કટ-ઓફ તારીખના રોજ હોય, માત્ર તેઓ જ આ એજીએમ પહેલા / દરમિયાન આ રિમોટ ઈ-વોટિંગ સુવિધા મેળવવા અધિકૃત રહેશે. બૉર્ડ ઓફ ડિરેક્ટરે આ ઈ-વોટિંગ પ્રક્રિયા યોગ્ય અને પારદર્શી રીતે થાય તેના નિરીક્ષણ માટે શ્રી હિમાંશુ કાપડીયા, પ્રેક્ટિસિંગ કંપની સેક્રેટરીની સ્ક્રૂટિનાઇઝર તરીકે નિમણૂક કરેલ છે.

ઈ-વોટિંગ સમયપત્રકની વિગતો નીચે મુજબ છે:

૧. **ઈ-વોટિંગના હેતુથી કટ-ઓફ તારીખ (જે રેકોર્ડ ડેટ છે):** શનિવાર, ૪થી સપ્ટેમ્બર, ૨૦૨૧
૨. **નોટિસ રવાનગી પૂર્ણ થવાની તારીખઃ** ગુરુવાર, ૧૯મી ઓગસ્ટ ૨૦૨૧
૩. **ઈ-વોટિંગ પ્રારંભ તારીખ અને સમયઃ** બુધવાર, ૮મી સપ્ટેમ્બર, ૨૦૨૧ના રોજ સવારના ૯.૦૦ કલાકે (ભા.મા.સ.)
૪. **ઈ-વોટિંગ પૂર્ણાહુતિ તારીખ અને સમયઃ** શુક્રવાર, ૧૦મી સપ્ટેમ્બર, ૨૦૨૧ના રોજ સાંજના ૫.૦૦ કલાકે (ભા.મા.સ.)

જે વ્યક્તિઓએ આ નોટિસ રવાનગી પછી શેર લીધેલ હોય અને કંપનીના સભ્ય થયેલ હોય તે ૩૨મી એજીએમની નોટિસમાં દર્શાવેલ પ્રક્રિયા જે કંપનીની વેબસાઇટ https://www.khemanigroup.com/investor_corner.html તથા એનએસડીએલની વેબસાઈટ https://www.evoting.nsdl.com પર પણ ઉપલબ્ધ છે તે અનુસરીને લોગ-ઇન આઈડી અને પાસવર્ડ મેળવી શકે છે. જો તમે તેમ છતાં પણ તમારા લોગ-ઇન આઈડી અને પાસવર્ડને પુનઃસ્થાપિત કરી શકતા નથી તો તમારો ડિમેટ એકાઉન્ટ નંબર/ફોલિયો નંબર, તમારો પાન, તમારું નામ અને તમારા નોંધાયેલ સરનામાની વિગતો સહિત evoting@nsdl.co.in પર ઈ-મેલ દ્વારા અરજ કરો.

જે સભ્યોએ તેમના ઈ-મેલ સરનામા રજિસ્ટર કરાવેલ નથી અને આ ૩૨મો વાર્ષિક અહેવાલ મેળવવા ઇચ્છુક હોય તેમને નીચે આપેલ વિગતો / દસ્તાવેજો સહિત મેળવવાની અરજ શનિવાર, ૪થી સપ્ટેમ્બર, ૨૦૨૧ના રોજ સાંજના ૫:૦૦ કલાક (ભા.મા.સ.) પહેલાં blossom@bildaman.com પર ઈ-મેલ કરવા સૂચિત કરવામાં આવે છે.

એ) જો ભૌતિકરૂપે શેર હોય તો, ભૌતિક શેરધારકોએ ફોલિયો નં., શેરધારકનું નામ, શેર સર્ટિફિકેટની સ્કેન કરેલ નકલ (આગળ અને પાછળ), પાન (પાન કાર્ડની સ્વપ્રમાણિત સ્કેન કરેલ નકલ), આધાર (આધાર કાર્ડની સ્વપ્રમાણિત સ્કેન કરેલ નકલ) આપવા સૂચિત કરવામાં આવે છે.

બી) જો ડિમેટ રૂપે શેર હોય તો, કૃપા કરી ડીપીઆઈડી-સીએલઆઈડી (૧૬ અંકનો ડીપીઆઈડી+ સીએલઆઈડી અથવા ૧૬ અંકનો બેનિફિશિયરી આઈડી), નામ, કલાયન્ટ માસ્ટર અથવા કોન્સોલિડેટેડ એકાઉન્ટ સ્ટેટમેન્ટની નકલ, પાન (પાન કાર્ડની સ્વપ્રમાણિત સ્કેન કરેલ નકલ), આધાર (આધાર કાર્ડની સ્વપ્રમાણિત સ્કેન કરેલ નકલ) આપવા.

તમામ સભ્યોનું ધ્યાન દોરવામાં આવે છે કે :

- ✓ શુકવાર, ૧૦મી સપ્ટેમ્બર, ૨૦૨૧ના રોજ સાંજના ૫.૦૦ કલાક (ભા.મા.સ.) બાદ રિમોટ ઈ-વોટિંગ કરવા દેવામાં આવશે નહીં.
- ✓ સભ્યો રિમોટ ઈ-વોટિંગથી વોટ આપવાના અધિકારનો ઉપયોગ કર્યા પછી પણ વાર્ષિક સામાન્ય સભામાં ભાગ લઈ શકશે, પરંતુ તે ફરીથી વોટ આપી શકશે નહીં.
- ✓ સભ્યો કટ-ઓફ તારીખ, શનિવાર, ૪થી સપ્ટેમ્બર, ૨૦૨૧ના રોજ માત્ર રિમોટ ઈ-વોટિંગ સુવિધા માટે અધિકૃત રહેશે અથવા વાર્ષિક સામાન્ય સભા દરમિયાન ઈ-વોટિંગ કરી શકે છે.
- ✓ કોઈ પણ પૂછપરછ માટે, તમે www.evoting.nsdl.comના ડાઉનલોડ વિભાગ પર ઉપલબ્ધ શેરધારકો માટેના ફ્રિકવન્ટલિ આસ્કડ ક્વેશ્ચન્સ (એફએક્યૂઝ) તથા શેરધારકો માટેના ઈ-વોટિંગ યૂઝર મેન્યૂઅલ વાંચો અથવા ટોલ-ફ્રી નં. ૧૮૦૦-૨૨૨-૯૯૦ પર ફોન કરો અથવા અભિજીત ગુંજાલને evoting@nsdl.co.in પર ઇ-મેલ કરો અથવા શ્રી ભરત ગોપાલાણી, સિ. મેનેજર-એકાઉન્ટ્સ એન્ડ ફાઇનાન્સ, બ્લોસમ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ, ગામ જાની વાંકડ, નાની દમણ, દમણ – ૩૯૬૨૧૦ (યૂ.ટી.)ને ૦૨૬૦-૬૬૮૭૮૦૦ પર ફોન કરો અથવા blossom@bildaman.com પર ઈ-મેલ કરો. જે સભ્યો આ મીટિંગમા એક્સેસ અને ભાગ લેવા મીટિંગ પહેલા / દરમિયાન ટેકનિકલ સહયોગ લેવા ઇચ્છતા હોય તે ઉપર દર્શાવેલ એનએસડીએલની વિગતો મુજબ સંપર્ક કરી શકે છે.

બોર્ડ એફ ડિરેક્ટર્સના હુકમથી
બ્લોસમ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ વતી
સહી/-
અમિત એ. ખેમાની
મેનેજિંગ ડિરેક્ટર
ડીઆઈએન : ૦૦૦૫૭૨૮૩
સરનામું: દેવકા, પ્લોટ નં. ૬, નાની દમણ, દમણ-૩૯૬૨૧૦

તારીખ : ૧૯મી ઓગસ્ટ, ૨૦૨૧
સ્થળ : દમણ